# ગ્રાન્ટ –ઈન–એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં

# આચાર્ય ભરતી વર્ષ–૨૦૨૪

# FAQ (ઉમેદવારોને મૂંઝવતા પ્રશ્નો)

**Date: 08/08/2024**

**1) ગ્રાન્ટ –ઈન–એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની અરજી કરવા માટે કમ્પ્યુટરની લાયકાત ફરજિયાત છે ? તે અન્વયે કેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહે ?**

✍ હા, કમ્પ્યુટરની લાયકાત ફરજિયાત છે. ધોરણ ૧૦, ધોરણ ૧૨ – શૈક્ષણિક કે વ્યવસાયિક સ્નાતક/ અનુસ્નાતકની કક્ષાએ કમ્પ્યુટર એક વિષય તરીકે પાસ કરેલ હોય તો અલગથી પ્રમાણપત્રની હાલ જરૂર નથી. અન્યથા જોગવાઈ મુજબ માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર રજૂ કરવું .

**2) Document verification માટે સેલ્ફ અટેસ્ટેડ કોપી ચાલશે કે ગેઝેટેડ ઓફિસર પાસે અટેસ્ટેડ કરાવવી પડશે?**

✍ હા, Document verification માટે સેલ્ફ અટેસ્ટેડ કોપી ચાલશે તેમજ ગેઝેટેડ ઓફિસર પાસે કરાયેલ પ્રમાણિત નકલ પણ ચાલશે.

**3) તમામ લાયકાતો માટે માર્કશીટ, ટ્રાયલ સર્ટી અને ડીગ્રી પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવા ફરજીયાત છે ?**

✍ હા, અરજી સ્વીકાર કેન્દ્ર પર અરજીની ચકાસણી અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે ઉમેદવારે ઓનલાઈન અરજીમાં દર્શાવેલ તમામ લાયકાતો અને અનુભવ સબંધિત ગુણપત્રકો/પ્રમાણપત્રકો/ટ્રાયલ સર્ટી ફરજિયાત અસલમાં રજૂ કરવાના રહેશે.

**4) CGPA/SGPA/CPI/GRADE ને ટકા/ગુણ માં કેવી રીતે ફેરવાશે?**

✍ જો ઉમેદવારના ગુણપત્રકમાં મેળવેલ ગુણ અને કુલ ગુણ દર્શાવેલ હોય તો તે અરજી ફોર્મમાં દર્શાવવાના રહેશે. ટકા દર્શાવ્યા હોય તો તેને ગુણમાં રૂપાંતરીત કરી દર્શાવવાના રહેશે. મેળવેલ ગુણ અને કુલ ગુણ બંનેમાંથી કાંઈ દર્શાવેલ ન હોય અને CGPA/SGPA/CPI દર્શાવેલ હોય તો, સંબંધિત યુનિવર્સિટી અથવા કોલેજ પાસેથી કુલગુણ મેળવેલ ગુણનું પ્રમાણપત્ર મેળવી તે મુજબ અરજી ફોર્મમાં ગુણ દર્શાવવાના રહેશે. યુનિવર્સિટી તરફથી પ્રમાણપત્ર ન આપવાના કિસ્સામાં CGPA/SGPA/CPI વગેરે ૧૦ માંથી મેળવેલ હોય તો તેનું રૂપાંતર ૧૦૦૦ માંથી કરી મેળવેલ ગુણ લખવા. **દા.ત.** ઉમેદવારના CGPA/SGPA/CPI ૧૦ માંથી ૬.૨૫ મળેલ હોય તો તેને કુલગુણ ૧૦૦૦ માંથી ૬૨૫ મેળવેલ ગુણ તરીકે ગણતરીમાં લેવા.

**5) ચાલુ નોકરી દરમ્યાન External/Distance Learning થી લાયકાત મેળવેલ હોય તો માન્ય ગણાય ?**

✍ ચાલુ નોકરી દરમ્યાન External/Distance Learning થી મેળવેલ લાયકાત અન્વયે નિમણુક સત્તાધિકારીની પુર્વ મંજુરી આવશ્યક છે. તેમજ રાજ્ય બહારની ઓપન યુનિવર્સિટીની અને ડીસ્ટન્સ લર્નીંગ દ્વારા મેળવેલ ડીગ્રી UGC ના ધારાધોરણો અનુસાર માન્ય યુનિવર્સિટીની

ન હોય તેવી લાયકાત ગ્રાહ્ય રહેશે નહીં. બાબાસાહેબ આમ્બેડકર ઓપન યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય તથા ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની લાયકાત માન્ય ગણાશે.

**6) ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ ફોર્મમાં પાછળથી વિગત સુધારવા શુ કરી શકાય ?**

✍ ઉમેદવાર પોતાની અરજી સબમિટ કરી ઓનલાઇન ફી નહી ભરે ત્યાં સુધી અરજીની વિગતો edit કરી શકશે. ઓનલાઇન અરજી ફી ભર્યા બાદ ઉમેદવાર અરજીમાં કોઈ સુધારો–વધારો કરી શકશે નહિ અને તેની અરજી ફાઈનલ ગણાશે. તેમજ આ બાબતે પાછળથી કોઈપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ જેની ગંભીરતાથી નોંધ લેવી .

**7) ફર્સ્ટ ક્લાસ/સેકન્ડ ક્લાસ પાસ ક્લાસ સુધી પહોંચાડવા જે તે યુનિવર્સિટી દ્વારા અપાયેલ ગ્રેસિંગના માર્ક્સ ગણવા કે કેમ?**

✍ ઉમેદવારે મેળવેલ ગુણ જ ધ્યાને લેવાના રહે. ગ્રેસિંગથી વધારાના અપાયેલ ગુણ ગણવા નહિં.

**8) ઓનલાઈન અરજી ફોર્મમાં અનુભવ ક્યાં સુધીનો દર્શાવવાનો રહેશે.**

✍ આચાર્ય ભરતી પ્રક્રીયાની જાહેરાત તારીખ સુધીનો એટલેકે તા.૦૧/૦૮/૨૦૨૪ સુધીનો અનુભવ ગણતરીમાં લેવો.

**9) શૈક્ષણિક કે વ્યવસાયિક લાયકાતમાં ૦૨ કે તેથી વધુ પ્રયત્નો હોય તો ગુણાંકન કેવી રીતે ગણી શકાય?**

✍ ઉમેદવારો દ્વારા આપેલ તમામ પ્રયત્નોના કુલ ગુણ તથા તમામ પ્રયત્નોમાં મેળવેલા ગુણનો સરવાળો કરવો અને તે તમામ પ્રયત્નોના મેળવેલા ગુણ અને તમામ પ્રયત્નના કુલ ગુણના આધારે ટકાવારી કરવાની રહે.

**10) જો લોગ–ઇન થવા માટે પાસવર્ડ ભુલાઇ ગયેલ હોય તો લોગ–ઇન કેવી રીતે થવાય ?**

✍ જો આપ અગાઉ Set કરેલ પાસવર્ડ ભૂલી ગયા હોવ તો લોગ–ઇન ચેક બોક્સની નીચે આપેલ Forgot Password? Click Here to Reset Password. પર ક્લીક કરતા આપના ઓનલાઇન અરજી ફોર્મમાં રજીસ્ટર્ડ કરેલ મોબાઇલ નંબર પર OTP આવશે આ OTP ની મદદથી પાસવર્ડ Reset કરી લોગ–ઇન થઇ શકાશે.

**11) ઉમેદવારથી પોતાના ગુણ ભરવામાં ભૂલ થયેલ હોય તો તેમા સુધારો થઈ શકશે?**

✍ હા, ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે આપ, આપના જે ગુણપત્રકો/પ્રમાણપત્રકો રજૂ કરશો તેના આધારે જે ખરેખર ગુણાંકન હશે તે જ ધ્યાને લેવામાં આવશે.

**12) આચાર્ય ભરતી માટે ઉપલી વયમર્યાદા છે કે કેમ?**

✍ ના, આચાર્યની જગ્યા માટે કોઈ ઉપલી વય મર્યાદા નથી.

**13) ફક્ત BPE કે MPE ની લાયકાત મેળવી વ્યાયામ શિક્ષક તરીકે નિયમિત નિમણૂક મેળવી ગ્રાન્ટેડ શાળામાં ફરજ બજાવનાર ઉમેદવાર આચાર્ય તરીકે નિમણૂકને પાત્ર ઠરશે કે કેમ?**

✍ ના, ઉમેદવાર ફક્ત BPE કે MPE ની લાયકાત ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ – ૧૯૭૪ માં આચાર્ય નિમણૂક માટે નિયત થયેલ ૨૦ (૧) ની જોગવાઈ સાથે સુસંગત ન હોઈ આવા ઉમેદવારો આચાર્ય નિમણૂક માટે પાત્ર ઠરશે નહિં.

**નોંધ :– આ પ્રશ્નોએ ભરતી માટેના માન્ય નિતિ–નિયમો નથી પરંતુ ઉમેદવારોને માર્ગદર્શન આપવાના હેતુસર બનાવેલ FAQ છે.**

**14) આચાર્ય ભરતી પ્રકીયામાં આનામતની જોગવાઈ લાગુ પડશે કે કેમ?**

✍ ના, સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: પવસ– ૧૦૯૬–મુમ–૧૩/ગ–૪ તા.૧૬/૧૨/૨૦૦૪ની જોગવાઈ અનુસાર શાળામાં આચાર્યની જગ્યા એકાંકી હોવાથી અનામતના ધારાધોરણો લાગુ પાડવાના રહેતાં નથી.

**15) ઉમેદવારે આચાર્ય માટેની અભિરૂચિ કસોટી વર્ષ–૨૦૧૭ અને વર્ષ–૨૦૨૨ બંનેમાં ઉત્તિર્ણ થયેલા હોય તો શું બંને પ્રમાણપત્રોના આધારે ઉમેદવાર અલગ–અલગ અરજી કરી શકશે કે કેમ?**

✍ ના, માત્ર વર્ષ–૨૦૨૨માં ઉત્તિર્ણ કરેલ હોય તેઉમેદવાર જ અરજી કરી શકશે.

**16) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ની કલમ ૨૦ (૧) માં શૈક્ષણિક સ્નાતકની લાયકાતમાં અન્ય કઈ સ્નાતકની પદવીઓ સમકક્ષ ગણવી?**

✍ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ની કલમ ૨૦ (૧) મુજબ માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઈ વિષયમાં માન્ય યુનિવર્સિટી દ્વારા સ્નાતકની પદવી મેળવેલ હોય તે માન્ય ગણવી.

**17) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ની કલમ ૨૦ (૧) માં શૈક્ષણિક અનુસ્નાતકની લાયકાતમાં અન્ય કઈ અનુસ્નાતકની પદવીઓ સમકક્ષ ગણવી?**

✍ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ની કલમ ૨૦ (૧) મુજબ માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઈ વિષયમાં માન્ય યુનિવર્સિટી દ્વારા અનુસ્નાતકની પદવી મેળવેલ હોય તે માન્ય ગણવી.

**18) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ની કલમ ૨૦ (૧) માં વ્યવસાયિક સ્નાતકની લાયકાતમાં અન્ય કઈ વ્યવસાયિક સ્નાતકની પદવીઓ સમકક્ષ ગણવી?**

✍ વ્યવસાયિક સ્નાતકની લાયકાતમાં માન્ય યુનિવર્સિટી દ્વારા B.Ed., D.B.Ed., G.B.T.C., B.P.Ed., D.P.Ed., શિક્ષા વિશારદ, શિક્ષાશાસ્ત્રી ડીગ્રી ગણી શકાય.

**19) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો–૧૯૭૪ ની કલમ ૨૦(૧) માં વ્યવસાયિક અનુસ્નાતકની લાયકાતમાં અન્ય કઈ વ્યવસાયિક અનુસ્નાતકની પદવીઓ સમકક્ષ ગણવી?**

✍ વ્યવસાયિક અનુસ્નાતકની લાયકાતમાં માન્ય યુનિવર્સિટી દ્વારા M.Ed., M.P.Ed., શિક્ષા પારંગતની ડીગ્રી ગણી શકાય.

**20) MA EDUCATIONની લાયકાતને શૈક્ષણિક કે વ્યવસાયિક બંનેમાંથી કઈ લાયકાત માન્ય ગણી શકાય? MA EDUCATION કઈ યુનિવર્સિટીનું માન્ય ગણી શકાય?**

✍ MA EDUCATON ની લાયકાતને શૈક્ષણિક લાયકાત તરીકે માન્ય ગણી શકાય. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (UGC) દ્વારા માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીની કોલેજમાંથી નિયમોનુસાર મેળવેલ MA EDUCATONની લાયકાત માન્ય ગણી શકાય.

**21) આચાર્યના અનુભવની ગણતરીમાં શિક્ષણ સહાયકનો અનુભવ ધ્યાને લેવો કે નહિ?**

✍ હા, શિક્ષણ સહાયકનો અનુભવ માન્ય ગણાશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ની કલમ ૨૦(૧)માં જણાવ્યા મુજબનો રજીસ્ટર્ડ ગ્રાન્ટ ઈન એઈડ/સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો અનુભવ ધ્યાને લેવાનો થાય છે.

**22) Experience as per 20(1) of viniyam – 1974 અને Experience as Principal કોલમમાં શું દર્શાવવું?**

✍ આપ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ–૧૯૭૪ ની જોગવાઈ ૨૦(૧) મુજબ આપનો નિયમાનુસાર નિમણૂક બાદથી જાહેરાતની તારીખ સુધીનો શિખવવાનો/નિરીક્ષણનો તમામ અનુભવ Experience as per 20(1) of viniyam – ૧૯૭૪ કોલમમાં દર્શાવવો. ઉક્ત અનુભવ પૈકી જો આપ આચાર્ય તરીકે અનુભવ ધરાવતા હોય તો આપ આચાર્ય તરીકે અનુભવ Experience as Principal કોલમમાં દર્શાવવો.

**23) આદિજાતી વિભાગની ગ્રાન્ટ–ઈન–એઈડ સંસ્થામાં નિયમિત નિમણૂક મેળવી ફરજ બજાવતા શિક્ષક/આચાર્યએ DP Code અને Employee No. માં શુ દર્શાવવું ?**

✍ આદિજાતી વિભાગની ગ્રાન્ટ–ઈન–એઈડ સંસ્થામાં નિયમિત નિમણૂક મેળવી ફરજ બજાવતા શિક્ષકો/આચાર્ય જો ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ–1974 ની જોગવાઇ ૨૦(૧) મુજબ માન્ય અનુભવ ધરાવતા હોય તેવા ઉમેદવારોએ DP Code અને Employee No. માં 0(શૂન્ય) દર્શાવવાનું રહેશે.

**24) આચાર્યનો અનુભવ ગણવામાં સાત વર્ષનો અનુભવ ધ્યાને લેવાનો છે. ઉક્ત અનુભવની ગણતરી નિમણૂકની તારીખથી લેવી કે અનુસ્નાતકની પદવી મેળવ્યાનાં વર્ષથી ગણવી ?**

✍ વિનિયમ– ૨૦(૧) માં દર્શાવ્યા મુજબ નિયત થયેલ લાયકાત સ્નાતક/અનુસ્નાતકની પદવી મેળવ્યા પછીનો નિયત કરેલ વર્ષોનો અનુભવ ગ્રાહ્ય રાખવા પાત્ર છે.

**25) માત્ર કન્યાઓ માટે કાર્યરત શાળાઓમાં શું પુરુષ ઉમેદવારને આચાર્ય તરીકે નિમણૂક મળી શકે છે ?**

✍ ના, માત્ર કન્યાઓ માટેની શાળામાં નિયત લાયકાત ધરાવતી મહિલા સિવાય બીજી કોઈ વ્યક્તિની આચાર્ય તરીકે નિમણૂક મળી શકશે નહિ. જેથી કન્યા શાળાની પસંદગી પુરૂષ ઉમેદવારે કરવી નહિ.

**26) શિક્ષક તરીકે અને આચાર્ય તરીકે બંને અનુભવ હોય ત્યારે અનુભવનું પ્રમાણપત્ર કયું રજૂ કરવું?**

✍ શિક્ષક તરીકે અને આચાર્ય તરીકે બંને અનુભવ હોય ત્યારે આપે બંને અનુભવના અલગ અલગ પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે.

**27) છ માસ થી વધુ અને એક વર્ષથી ઓછા સમયગાળાના અનુભવની ગણતરી કઈ રીતે કરવામાં આવે છે?**

✍ પ્રત્યેક પૂર્ણ વર્ષનો અનુભવ ગુણાંકન માટે ધ્યાને લેવામાં આવશે.

**28) આચાર્ય ભરતીમાં ઓનલાઇન અરજી ફાઇનલ સબમીટ કરી ઓનલાઇન ફી ભર્યા પછી ઉમેદવારે શું કાર્યવાહી કરવી?**

- ✍ અરજી સબમીટ કરી ફી ભર્યા પછી ઉમેદવારે તા.૨૧/૦૮/૨૦૨૪ સુધીમાં (રવિવાર અને જાહેર રજા સિવાય) કચેરી સમય દરમિયાન અરજીપત્રક પર ઉમેદવારે પોતાના હસ્તાક્ષર કરી સાથે પોતાના લાગુ પડતા ઓરીજનલ પ્રમાણપત્રો અને સ્વ-પ્રમાણિત કરેલા પ્રમાણપત્રો પોતે જે જિલ્લામાં નોકરી કરે છે તે જિલ્લાના નિયત કરેલા અરજી સ્વિકારકેન્દ્ર પર વેરિફીકેશન કરાવી ડોક્યુમેન્ટ જમા કરાવવા અને જાહેરાતમાં આપેલ વેબસાઇટની નિયમિત મુલાકાત લેતા રહેવી.

**29) આચાર્ય બનવા માટે વધુમાં વધુ કેટલી શાળાઓ પસંદ કરી શકાય ?**

- ✍ તા.૨૧/૧૦/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક: GH/SH/45/BMS/1115/1295/G મુજબ આચાર્ય બનવા માટે વધુમાં વધુ ૭ (સાત) શાળાઓ ઉમેદવાર પસંદ કરી શકશે.

**30) હું સ્નાતક, બી.એડ. અને એમ.એડ. થયેલ છું, પણ માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઈ વિષયમાં અનુસ્નાતક થયેલ નથી તો શાળામાં નિયમાનુસાર નિમણૂંક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કેટલા વર્ષનો અનુભવ હોવો જોઈએ?**

- ✍ આપ માધ્યમિક /ઉચ્ચતર મધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઈ વિષય માં અનુસ્નાતક થયેલ નથી પણ એમ.એડ. થયેલ છો તો તા.૦૮/૧૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: MSB/1211/15/CH પ્રમાણે શાળામાં નિયમાનુસાર નિમણૂંક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો ૭ (સાત) વર્ષનો અનુભવ હોવો જોઈએ.

**31) ગ્રાન્ટ –ઇન–એઇડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની અરજી માટે ઉમેદવારે કઈ તારીખનું NOC રજૂ કરવાનું છે?**

- ✍ ઉમેદવારે જાહેરાતની તારીખ એટલે કે તા.૦૧/૦૮/૨૦૨૪ થી અરજી કરવાની અંતિમ તારીખ સુધીના સમય દરમ્યાન મેળવેલ NOC રજૂ કરવાનું રહેશે.

**32) ઉમેદવારે નામ/અટકમાં ફેરફાર કરાવેલ હોય તો કયા આધારો રજૂ કરવા ?**

- ✍ નામ /અટકમાં ફેરફાર કરાવેલ હોય તો, સરકારી ગેઝેટની નકલ(નામમાં મોટો તફાવત હોય તેવા કિસ્સામાં) અને પરિણિત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ.

**33) અમારે જાહેરાતમાં આપેલ ઠરાવો અને પરિપત્રોનો મેળવવા હોયતો ક્યાંથી મળે?**

- ✍ આચાર્ય ભરતીની વેબસાઈટ પર Government Resolutions ટેબ પર ક્લિક કરતાં તમામ ઠરાવો ડાઉનલોડ કરી શકાશે.

**34) ફાઈનલ મેરીટ ક્યારે બહાર પડશે? ઉમેદવારને તેની કેવી રીતે જાણ થશે?**

- ✍ અરજીપત્રક ભરવાનો સમયગાળો પૂર્ણ થયાબાદ વેબસાઈટ દ્વારા ફાઈનલ મેરીટયાદી મૂકવામાં આવશે. ઉમેદવારે ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી નિયમિત પણે વેબસાઈટ જોતાં રહેવું.

**નોંધ :- આ પ્રશ્નોએ ભરતી માટેના માન્ય નિતિ-નિયમો નથી પરંતુ ઉમેદવારોને માર્ગદર્શન આપવાના હેતુસર બનાવેલ FAQ છે.**

**35) શું વર્ષ–૨૦૨૩ માં આચાર્ય તરીકે નિમણૂક પામેલ ઉમેદવારો આ ભરતી માટે અરજી કરી શકશે?**

- હા, વર્ષ–૨૦૨૩ માં આચાર્ય તરીકે નિમણૂક પામેલ ઉમેદવારે વર્ષ–૨૦૨૨ માં યોજાયેલ (HMAT) પરીક્ષા પાસ કરેલ હશે તો આ ભરતી માટે અરજી કરી શકશે.

**36) શું સેલ્ફ ફાયનાન્સ શાળાનો અનુભવ આચાર્ય ભરતી માટે માન્ય ગણાશે?**

- ના, સેલ્ફ ફાયનાન્સ શાળાનો અનુભવ માન્ય ગણાશે નહિ.

**37) શું સરકારી શાળાનો અનુભવ આચાર્ય ભરતી માટે માન્ય ગણાશે?**

- હા, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો શૈક્ષણિક/નિરીક્ષણનો અનુભવ માન્ય ગણાશે.

**38) શું અરજી ફોર્મ ભર્યા બાદ સબમિટ કરવું જરૂરી છે?**

- હા, અરજી ફોર્મ સબમિટ કરી ફી ભર્યા બાદ જ અરજી ફાઈનલ સબમિટ થયેલ ગણાશે અને ત્યારબાદ અરજીની પ્રિન્ટ લઈ શકાશે.

**39) લોગ–ઈન આઈડી ફરીથી બનાવવું કે વર્ષ–૨૦૨૩માં બિનસરકારી અનુદાનિત શાળાના આચાર્યમાં ઉમેદવારે ઉમેદવારી નોંધાવેલ હોય તે જૂનુ લોગ–ઈન આઈ ડી ચાલશે?**

- વર્ષ–૨૦૨૩માં જુના લોગ–ઈન આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરવો નહિ અને હાલ નવું રજીસ્ટ્રેશન કરી લોગ–ઈન આઈડી/પાસવર્ડ જનરેટ કરવું.

**40) બિન પગારી રજા (L. W. P.)/ અસાધારણ રજા નો સમયગાળો અનુભવમાં ગણવો કે બાદ રાખવો?**

- ઉમેદવારે ભોગવેલ બિનપગારી રજા (L.W.P.)/અસાધારણ રજાનો સમયગાળો ગણતરીમાં લેવાનો રહેશે નહીં અને તેટલા દિવસો કુલ અનુભવમાંથી બાકાત કરવાના રહેશે.
- જો કોઈ ઉમેદવારની LWP/અસાધારણ રજા હોય તો અરજી ફોર્મ ભરતી વખતે ઉમેદવારે પોતાના અનુભવને અલગ અલગ ટુકડામાં દર્શાવવો.
- LWP/અસાધારણ રજા ભોગવેલ હોય તો તે બાબતનું પ્રમાણપત્ર ખાસ રજુ કરવાનું રહેશે.

**41) ઓનલાઇન ફોર્મ ભરવામાં અનુભવની વિગતો SAVE થતી નથી તો શું કરવું?**

- ઉમેદવારે અનુભવની બધી જ વિગતો ભરાય ગયા બાદ Add Details Button પર ક્લિક આપવું જેથી અનુભવની વિગતો SAVE થઈ જશે અને SAVE થયા બાદ અરજી ફોર્મમાં નીચે બતાવશે.
- "Add Details" Button ક્લિક કર્યા સિવાય ઉમેદવારે દર્શાવેલ અનુભવની વિગતો SAVE થશે નહીં જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.)

**42) ઉમેદવારને અલગ અલગ શાળાનો અનુભવ છે જેમાંથી એક અનુભવ લખવાનો બાકી રહી ગયો અને ફોર્મ ચલણ ભરીને ફાઇનલ સબમિશન થઈ ગયેલ છે તો હવે શું કરવું?**

- આવા સંજોગોમાં ઉમેદવારે લેખિતમાં પોતાના દસ્તાવેજી પ્રમાણપત્રો સહિત અરજી સ્વીકાર કેન્દ્ર ઉપર જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીને લેખિતમાં જાણ કરવી અને તેમના મારફતે આવેલ રિમાર્કસ/QUERY બાબતે "ગુજરાત રાજ્ય રજીસ્ટર્ડ ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી પસંદગી સમિતિ જે નિર્ણય લે તે આખરી ગણાશે.

**<u>નોંધ :– આ પ્રશ્નોએ ભરતી માટેના માન્ય નિતિ–નિયમો નથી પરંતુ ઉમેદવારોને માર્ગદર્શન આપવાના હેતુસર બનાવેલ FAQ છે.</u>**

**43) જો કોઈ GIA ના ઉમેદવારે અરજીફોર્મ ભરતી વખતે GOV સિલેક્ટ કરેલ હોય તો શું કરવું ?**

- જો કોઈ GIA ના ઉમેદવારે અરજીફોર્મ ભરતી વખતે GOV સિલેક્ટ કરેલ હોય તો તે ઉમેદવારની શાળાના લેટર પેડ પર તે શાળાનો ડાયસ કોડ, ડીપી કોડ અને ઉમેદવારનો એમ્પ્લોઇ કોડ સહિતની વિગતો સંબંધિત જિલ્લાના સ્વીકાર કેન્દ્ર પર અરજી જમા કરાવતી વખતે રજૂ કરવાનું રહેશે. અને તેમના મારફતે આવેલ રિમાર્કસ/QUERY બાબતે "ગુજરાત રાજ્ય રજીસ્ટર્ડ ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી પસંદગી સમિતિ જે નિર્ણય લે તે આખરી ગણાશે.